# પુટિન કહે છે કે યુક્રેનમાં 30 દિવસના યુદ્ધ વિરામની અમેરિકાની દરખાસ્ત સાથે પોતે સૈદ્ધાંતિક રીતે સંમત

**જો કે** આ માટેની શરતો અંગે વાટાઘાટો કરવી પડશે એમ રશિયન પ્રમુખે કહ્યું

**શાંતિ** પ્રયાસો બદલ ટ્રમ્પનો આભાર માનવાની સાથે ભારત સહિતના દેશોના નેતાઓનો પણ આભાર માન્યો

મોસ્કો, તા. ૧૩(એપી): રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને જણાવ્યું છે કે તેઓ યુક્રેનમાં 30 દિવસના યુદ્ધ વિરામ માટેની અમેરિકાની દરખાસ્ત સાથે સૈદ્ધાંતિક રીતે સહમત છે, પણ તેની શરતો પર કામ કરવાની જરૂર છે, અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેનાથી સ્થાયી શાંતિ માટેનો માર્ગ ખુલ્લો થવો જોઇએ.

આ વિચાર પોતે યોગ્ય છે, અને અમે ચોક્કસપણે તેનું સમર્થન કરીએ છીએ એમ પુતિને મોસ્કોમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. પરંતુ એવા મુદ્દાઓ છે જેના પર આપણે ચર્ચા કરવાની જરૂર છે, અને મને લાગે છે કે આપણે આપણા અમેરિકન સાથીદારો અને ભાગીદારો સાથે તેની ચર્ચા કરવાની જરૂર છે. તેમણે યુદ્ધવિરામના સંભવિત ભંગને નિયંત્રિત કરવા માટે એક પદ્ધતિ વિકસાવવાની જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, બીજો મુદ્દો એ છે કે શું યુક્રેન 30 દિવસના યુદ્ધવિરામનો ઉપયોગ સરંજામની હેરાફેરી અને પુન:શસ્ત્રીકરણ ચાલુ રાખવા માટે કરી શકે છે? અમે લડાઈ બંધ કરવાના પ્રસ્તાવો સાથે સંમત છીએ, પરંતુ અમે એવી ધારણાથી આગળ વધીએ છીએ કે યુદ્ધવિરામ કાયમી શાંતિ તરફ દોરી જશે અને કટોકટીના મૂળ કારણોને દૂર કરશે એમ પુતિને કહ્યું.

પુતિને નોંધ્યું કે જ્યારે એવું લાગે છે કે અમેરિકાએ યુક્રેનને યુદ્ધવિરામ સ્વીકારવા માટે રાજી કર્યું છે, ત્યારે યુક્રેન યુદ્ધભૂમિની પરિસ્થિતિને કારણે તેમાં રસ ધરાવે છે, તેમણે નોંધ્યું કે રશિયાના કુર્સ્ક ક્ષેત્રમાં ઘૂસણખોરી શરૂ કરનારા યુક્રેનિયન સૈનિકોને આગામી દિવસોમાં સંપૂર્ણપણે અવરોધિત કરવામાં આવશે. આ પરિસ્થિતિઓમાં, મારું માનવું છે કે યુક્રેનિયન પક્ષ માટે ઓછામાં ઓછા 30 દિવસ માટે યુદ્ધવિરામ સુરક્ષિત કરવો સારું રહેશે એક પુટિને કહ્યું હતું. યુક્રેનમાં સમાધાન પર આટલું ધ્યાન આપવા બદલ પુટિને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો હતો. તેમણે આ લડાઇનો અંત લાવવાના પ્રયાસો કરવા બદલ ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના નેતાઓનો પણ આભાર માન્ય હતો.

## અમેરિકન વ્હીસ્કી પરનો ૫૦ ટકા ટેરિક દૂર કરવા યુરોપિયન યુનિયન પર દબાણ

# ટ્રમ્પનો વળતો પ્રહાર: તમામ વાઇન તથા શેમ્પેઇન ઉપર 200 ટકા ટેરિફની ધમકી

**ટ્રમ્પે** યુરોપિયન સંઘની વિદેશ કરવેરા વ્યવસ્થાને સૌથી વાહિયાત વ્યવસ્થા ગણાવવાની સાથે યુરોપિયન યુનિયનની આકરી ઝાટકણી કાઢી

નવી દિલ્હી, તા. 13: અમેરિકન વ્હીસ્કી પર 50 ટકા ટેરિફ લાદવાના યુરોપિયન યુનિયનના નિર્ણય બાદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તમામ વાઇન, શેમ્પેઇન અને આલ્કોહોલિક ઉત્પાદનો પર 200 ટકા ટેરિફની ધમકી આપી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટુથ સોશ્યલ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, યુરોપિયન યુનિયન, વિશ્વના સૌથી પ્રતિકુળ અને અપમાનજનક ટેક્સિંગ અને ટેરિફિંગ સત્તામંડળોમાંની એક છે, જેની રચના અમેરિકાનો લાભ લેવાના એકમાત્ર હેતુથી કરવામાં આવી હતી, તેણે વ્હિસ્કી પર ફક્ત 50 ટકા ટેરિફ મુક્યો છે. જો આ ટેરિફને તાત્કાલિક દુર કરવામાં નહીં આવે, તો અમેરિકા ટુંક સમયમાં ફ્રાન્સ અને અન્ય ઇયુ પ્રતિનિધિત્વ ધરાવતા દેશોમાંથી બહાર આવતા તમામ વાઇન, શેમ્પેઇન અને આલ્કોહોલિક ઉત્પાદનો પર 200 ટકા ટેરિફ મુકશે. ટ્રમ્પે યુરોપિયન યુનિયન પર આ આકરા ટેરિફ લાદતી વખતે તેની આકરી ઝાટકણી પણ કાઢી હતી અને તેના વિદેશી કરવેરાની વ્યવસ્થાને વિશ્વની સૌથી વાહિયાત અને સ્થિતિનો દુરુપયોગ કરનારી વ્યવસ્થા ગણાવવાની સાથે યુરોપિયન યુનિયનને ખૂબ જ ખરાબ સંગઠન તરીકે ગણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ તેઓ પ્રમુખ બને તે પહેલા જ યુરોપિયન દેશો માટે ટીકાત્મક અભિગમ અપનાવી રહ્યા છે.

# દિલ્હીની એક હોટલમાં બ્રિટિશ મહિલાની છેડતી અને બળાત્કાર

**જે હોટલમાં** રોકાઇ હતી તેના એક કર્મચારીએ લિફ્ટમાં છેડતી કરી

**હોટલના** રૂમમાં મળવા આવેલા તેના ઇન્સ્ટાગ્રામ મિત્રએ જ રૂમમાં બળાત્કાર કર્યો

નવી દિલ્હી, તા. ૧૩(પીટીઆઇ): દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં એક હોટલમાં એક બ્રિટિશ મહિલા સાથે બે પુરુષોએ કથિત રીતે છેડતી અને બળાત્કારના કૃત્યો કર્યા હતા એમ પોલીસે આજે જણાવ્યું હતું.

આ બ્રિટિશ મહિલા એક મહિના પહેલા ભારત આવી હતી અને કેટલોક સમય મહારાષ્ટ્ર રહી હતી અને ત્યાંથી ગોવા ગઇ હતી. મંગળવારે તે કથિત રીતે ૨૪ વર્ષના કૈલાસ નામના યુવાનને મળવા દિલ્હી આવી હતી જેની સાથે ઈન્સ્ટાગ્રામ પર તાજેતરમાં જ તેની મિત્રતા થઇ હતી. આ મહિલાએ મહિપાલપુરની એક હોટલમાં રૂમ બુક કરાવ્યો હતો. આ હોટલની લિફ્ટમાં હોટલના જ એક કર્મચારીએ તેની છેડતી કરી હતી. બાદમાં તેનો સોશ્યલ મીડિયા મિત્ર કૈલાસ તેને મળવા તેના રૂમ પર આવ્યો હતો અને તેના પર બળાત્કાર કર્યો હતો. આ મહિલા બાદમાં બુધવારે એક હોસ્પિટલમાં ગઇ હતી અને પોલીસને આ બનાવોની જાણ કરી હતી એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે આ મહિલા સાથે છેડતી અને બળાત્કારના બનાવો જુદા જુદા છે અને બંને બનાવોને એકબીજા સાથે કંઇ સંબંધ નથી. બંને આરોપીઓ વચ્ચે પણ કોઇ કડી જણાઇ નથી. બંને આરોપીઓ સામે જુદા જુદા કેસ દાખલ કરીને બંનેની ધરપકડ કરાઇ છે.

કૈલાસ અને આ બ્રિટિશ મહિલા એકાદ મહિનાથી એકબીજાના સંપર્કમાં હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે પૂર્વ દિલ્હીના રહેવાસી એવા કૈલાસને બરાબર અંગ્રેજી બોલતા આવડતું નથી અને તે આ મહિલા સાથે વાતચીત કરવા એક ટ્રાન્સલેશન એપનો ઉપયોગ કરતો હતો. જ્યારે આ મહિલા ભારત આવી ત્યારે તેણે અને કેલાસયે દિલ્હીમાં એકબીજાને મળવાનું નક્કી કર્યું હતું.

# ૨૦૦૦ કરોડ રૂ.ના ક્લાસરૂમ કૌભાંડમાં સિસોદિયા, સત્યેન્દ્ર જૈન સામે FIR દાખલ કરવા રાષ્ટ્રપતિની મંજૂરી

**આમ** આદમી પાર્ટીની મુશ્કેલીઓ ઓર વધી શકે

**સીવીસીએ** ફેબ્રુઆરી, ૨૦૨૦માં વર્ગખંડોના બાંધકામમાં ગેરરીતિ તરફ નિર્દેશ કર્યો હતો પણ આપ સરકારે કોઇ પગલા ભર્યા નહીં હોવાનો આરોપ



**નવી દિલ્હી: તા. 13:** આમ આદમી પાર્ટીના બે દિગ્ગજ નેતાઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ વધવાની છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની મંજૂરી આપી દીધી છે. આ કેસ ૨૦૦૦ કરોડ રૂપિયાના કથિત ક્લાસરૂમ કૌભાંડ સાથે સંબંધિત છે. આ કૌભાંડ શાળાઓમાં વર્ગખંડોના બાંધકામમાં કથિત ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે. રાષ્ટ્રપતિની મંજૂરીથી આપ નેતાઓ પર તપાસનું દબાણ વધી શકે છે. આ મામલો અગાઉની અરવિંદ કેજરીવાલ સરકાર દ્વારા રાષ્ટ્રીય રાજધાનીની 193 સરકારી શાળાઓમાં 2,405 વર્ગખંડોના બાંધકામ સાથે સંબંધિત છે. આ કિસ્સામાં સીવીસીએ 17 ફેબ્રુઆરી, 2020ના રોજના તેના અહેવાલમાં જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુ) દ્વારા દિલ્હીની વિવિધ સરકારી શાળાઓમાં વધારાના વર્ગખંડોના બાંધકામમાં ગેરરીતિ આચરાઈ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. સીવીસીએ ફેબ્રુઆરી 2020માં ડીઓવીને રિપોર્ટ મોકલ્યો હતો અને આ બાબતે તેમની ટિપ્પણીઓ માંગી હતી, પરંતુ આમ આદમી પાર્ટી (આપ) સરકારે અઢી વર્ષ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરી નહીં.

# કુર્સ્ક પ્રદેશનું સૌથી મોટું નગર યુક્રેન પાસેથી પરત મેળવ્યું હોવાનો રશિયાનો દાવો

**પુટિને** કુર્સ્કમાં કમાન્ડરોની મુલાકાત લીધા બાદ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે સુદઝા શહેર કબજે કરાયું છે

મોસ્કો, તા. ૧૩(એપી): આજે અધિકારીઓએ દાવો કર્યો હતો કે રશિયન દળોએ રશિયાના કુર્સ્ક સરહદી ક્ષેત્રના સૌથી મોટા શહેરમાંથી યુક્રેનિયન સૈન્યને હાંકી કાઢ્યું છે, જ્યારે કે યુક્રેન દ્વારા સમર્થન આપવામાં આવેલા ત્રણ વર્ષના યુદ્ધમાં પ્રસ્તાવિત ૩૦ દિવસના યુદ્ધવિરામ અંગે અમેરિકન અધિકારીઓ દ્વારા ક્રેમલિનનો પ્રતિભાવ માંગવામાં આવ્યો હતો.

પ્રમુખ વ્લાદિમીર પુતિન દ્વારા કુર્સ્કમાં તેમના કમાન્ડરોની મુલાકાત લીધા બાદ અને લશ્કરી પોશાક પહેર્યાના કલાકો પછી, રશિયન સંરક્ષણ મંત્રાલયનો દાવો આવ્યો હતો કે તેણે સુદઝા શહેર ફરીથી કબજે કર્યું હતું, જો કે આ દાવો સ્વતંત્ર રીતે ચકાસી શકાયો નથી. યુક્રેનિયન અધિકારીઓએ આ દાવા પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધના રાજદ્વારી અંત માટે દબાણ કરી રહ્યા છે ત્યારે નવેસરથી રશિયન લશ્કરી દબાણ અને પુતિનની તેમના સૈનિકોની હાઇ-પ્રોફાઇલ મુલાકાત આવી છે. સાઉદી અરેબિયામાં યોજાયેલી વાટાઘાટો દરમિયાન વરિષ્ઠ અમેરિકી અને યુક્રેનિયન અધિકારીઓએ લડાઈ કેવી રીતે બંધ કરવી તે અંગે પ્રગતિ કર્યા પછી, અમેરિકાએ મંગળવારે કિવ માટે ૩ માર્ચના રોજ લશ્કરી સહાય પરનો સ્થગિત ભાગ ઉઠાવી લીધો હતો.


## સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ ઓલપાડના મોજે ગામ સાયણમાં આવેલ બ્લોક નં.૧૮૯/અ વાળી બીન ખેતી થયેલ રહેણાંકના હેતુ માટેની જમીન જેનુ ક્ષેત્રફળ ૨૧૯૬૯ ચો.મી. જમીન પૈકી ઉતર દિશા તરફની ૯૯૦૦ ચો.મીટર ખુલ્લી જમીન અંગે જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ ઓલપાડ ના મોજે ગામ સાયણમાં આવેલ બ્લોક નં.૧૮૯/અ વાળી બીન ખેતી થયેલ રહેણાંકના હેતુ માટેની જમીન જેનુ ક્ષેત્રફળ ૨૧૯૬૯ ચો.મી જમીન પૈકી ઉતર દિશા તરફની ૯૯૦૦ ચો.મીટર ખુલ્લી જમીન તથા વણ વહેચાયેલ હિસ્સા વાળી ૨૯૧૫ ચો.મી. વાળી જમીન તથા તેને લાગતા વળગતા તમામ હકકો સહિતની જમીન હમારા અસીલને (૧) જયેશભાઇ જયંતિભાઇ પાંભર (૨) પિન્ટુભાઇ પરસોતમભાઇ પણસારા નાઓએ (૧) મિલનકુમાર મનસુખભાઇ પાંભર (૨) સરધારા પરેશભાઈ કેશવજીભાઇ નાઓના એકબીજાના મેળાપીપણામાં રહી હમારા અસીલ પાસેથી ઉપરોકત જમીન પેટે રૂા. ૨૨,૦૦,૦૦૦/- અવેજ નકકી કરેલ, જે પૈકી રૂા.૧૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બાર લાખ પુરા અવેજ પેટે સ્વીકારી વેચાણખત કરી આપેલ હોય, જેથી (૧) જયેશભાઇ જયંતિભાઇ પાંભર (૨) પિન્ટુભાઇ પરસોતમભાઇ પણસારા નાઓને હમારા અસીલ વખતો વખત દસ્તાવેજ કરી આપવા જણાવતા તેઓ ગલ્લા તલ્લા કરતા આવેલ છે અને હાલમાં હમારા અસીલને જાણમાં આવેલ છે કે સદરહું મિલકત બાબતે ડી.સી.બી પો. સ્ટે. સુરત દ્વારા ગુ.રુ.રજી નં.૧૧૨૧૦૦૧૫૨૧૦૨૬૧ થી તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ ઇ.પી.કોની કલમ- ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી તથા ગુજરાત પ્રોટેકશન ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ એકટ (GPID) કાયદાની કલમ-૩ મુજબનો ગુનો દાખલ થયેલ હોય તેમજ અમારા અસીલને સદરહું મિલકત વેચાણ અંગે રજી. દસ્તાવેજ કરી આપતા ન હોય, આથી હમારા અસીલ સાથે ગુનાહિત વિશ્વાસઘાત તથા છેતરપીંડી થયેલ હોય, હમારા અસીલ (૧) જયેશભાઈ જયંતિભાઈ પાંભર (૨) પિન્ટુભાઇ પરસોતમભાઇ પણસારા નાઓ વિરૂદ્ધ કરારના વિશેષ અમલ તેમજ જાહેરાત તથા જાથુકની મનાઇ હુકમ મેળવવા માટે મહે. ઓલપાડના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં દાવો કરનાર હોય, જેથી સદરહુ જમીન સંબંધે કોઇ લખાણો કે વ્યવહારો કરવા કરાવવા નહી તેમજ સદરહું જમીન અંગે હમારા અસીલની સંમતિ વિના (૧) જયેશભાઇ જયંતિભાઈ પાંભર (૨) પિન્ટુભાઇ પરસોતમભાઇ પણસારા નાઓ સાથે કોઇપણ વ્યકિતએ કોઇપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહી, જો તેવા કોઈ વ્યવહાર કરશે કરાવશે તો તેમને કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહિ અને જો કોઇપણ વ્યકિત ઉપરોકત જમીન અંગે વ્યવહાર કરશે તો તેણે પણ કાયદાની પ્રક્રિયામાં સંડોવાવુ પડશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૨૧૩, મેગા રોયલ કોમ્પલેક્ષ, હની પાર્ક ચાર રસ્તા, પટેલ પ્રગતિ મંડળની પાસે, અડાજણ, સુરત
મો.નં. ૯૯૨૫૦ ૧૯૨૬૬, ૯૯૭૪૪ ૬૦૨૫૯, ૯૦૩૩૨ ૯૩૪૦૨

પંકજ એસ. લોટવાલા
આર.એન.ગઢમ
દર્શ પી.લોટવાલા
તે ભાવુબેન રાજુભાઇ વણોદિયા ના એડવોકેટ



પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩
ફોન : ૭૩૮૭૦ ૮૭૨૦૦
ઈમેઈલ : cs8323@pnb.co.in

## સ્થાયી મિલકતની ઈ–હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ–હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી જરૂર જણાય તો ૧૦ મિનીટના વધારા સાથે** પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

**ઈ–હરાજી તા.૨૯.૦૩.૨૦૨૫ । નિરીક્ષણ તા.૨૧.૦૩.૨૦૨૫ ।**
**(સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) ઈએમડી ની રકમ ઈ–હરાજી ના સમય સુધી જમા કરી શકાશે.**

| નં. | શાખાનું નામ<br>ખાતાનું નામ<br>દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત<br>ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતના ગીરવેદારો) | અ) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નાટીસની તારીખ<br>બ) બાકી રકમ<br>ક) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ<br>ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત<br>બ) ઈએમડી<br>ક) બોલી વધારાની રકમ<br>(રૂા.લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત<br>Property ID : |
|---|---|---|---|---|---|
| ૧ | **શાખા: વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રી અમ્રિતકુમાર શંભુ ઠાકુર (દેવાદાર)** ફલેટ નં. ૪૦૪, ૪થો માળ શિવમ કોમ્પલેક્ષ, કૈલાશ રોડ, વેજલપોર, તા. અને જી. વલસાડ–૩૯૬૦૦૧<br>**શ્રી ઉપેન્દ્રસિંહ લલનસિંહ ચત્રી (જામીનદાર)** ૩૦૩, માધવ કોમ્પલેક્ષ સી, સેઠીયાનગર કૈલાશ રોડ વલસાડ તા. અને જી. વલસાડ–૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત શિવમ કોમ્પલેક્ષ ના ૪થા માળનો ફલેટ નં.૪૦૪, રે.સ./ બી૧ નં.૨૦૨/૨ અને એન.એ. થયેલ પ્લોટ નં.૮ અને ૯, માપ ૭૭૫ ચો.ફૂટ સુપર બિલ્ટઅપ એરીયા (૭૨.૦૦ ચો.મી) વલસાડ ખેરગામ રોડ, ક્રોસ લેન, ગામ વેજલપોર, વલસાડ, તાલુકા અને જી.વલસાડ–૩૯૬૦૦૧ ખાતે શ્રી અમ્રિતકુમાર શંભુ ઠાકોરની માલિકીનો આવેલ છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૨૩.૧૧.૨૦૨૨<br>બ) રૂા.૮,૪૨,૪૯૬.૦૦<br>ક) ૨૧.૦૨.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૬.૫૯<br>બ) રૂા.૦.૬૬<br>ક) રૂા.૦.૧૦ | PUNB139010 AMRI01 |
| ૨ | **શાખા : વાપી (૩૯૦૩૦૦)**<br>**શ્રી અરજણ લાલજી રાતડા** ફલેટ નં.૨૦૨, ભાનુસાગર કો.ઓ.હા.સો., ગામ ચણોદ, વાપી, વલસાડ. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ભાનુસાગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિ., વીંગ એ–બિલ્ડીંગ નં.બી–૧ ના ૨જા માળનો ફલેટ નં.૨૦૨, જેનું માપ આશરે ૫૫૦.૦૦ ચો.ફુટ, એટલે ૫૧.૦૦ ચો.મી, બિલ્ટઅપ એન.એ જમીનનો સર્વે નં. ૨૭૭/૧, માપ ૩૫૭૯.૯૮ ચો.મીટર, ગામ ચણોદ, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત ખાતે શ્રી અરજણ લાલજી રાતડાની માલિકીનો આવેલ છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૨૩.૦૩.૨૦૨૩<br>બ) રૂા.૬,૫૭,૩૬૫.૦૮<br>ક) ૨૨.૧૨.૨૦૨૫<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૧૦.૪૦<br>બ) રૂા.૧.૧૦<br>ક) રૂા.૦.૨૦ | PUNB390300 ARJA01 |
| ૩ | **શાખા : વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રી અરૂણકુમાર ઓમકારનાથ તીવારી (દેવાદાર)** ૪૦૩, ૪થો માળ શિવમ કોમ્પલેક્ષ, કૈલાશ રોડ, વેજલપોર, તા. અને જી. વલસાડ–૩૯૬૦૦૧<br>**શ્રી દિલીપકુમાર રામનારાયણ મિશ્રા (જામીનદાર)** ૨૭, સોમેશ્વર પાર્ક, જલારામ સોસાયટી પાસે, અબ્રામા, વલસાડ–૩૯૬૦૦૧ | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ શિવમ કોમ્પલેક્ષ નો રહેણાંકનો ૪થા માળનો ફલેટ નં.૪૦૩, જેનું માપ ૮૫૦ ચો.ફુટ સુપર બિલ્ટ અપ (૭૮.૯૯ ચો.મી.) જેનું બાંધકામ એન.એ. થયેલ પ્લોટ નં.એમ–૮ અને એમ–૯, રે.સ.બ્લોક નં.૨૦૨/૨ વાળી મોજે વેજલપુર, તા. અને જી.વલસાડ–૩૯૬૦૦૧ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે જે શ્રી અરૂણકુમાર ઓમકારનાથ તીવારી ની માલિકીનો છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૧૭.૧૦.૨૦૨૨<br>બ) રૂા.૯,૧૩,૭૯૩.૦૦<br>ક) ૨૨.૧૨.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૭.૨૨<br>બ) રૂા.૦.૭૫<br>ક) રૂા.૦.૨૦ | PUNB 139010ARUN01 |
| ૪ | **શાખા : ચલા (૫૯૯૦૦૦)**<br>**શ્રી ગદાધર શાહુ અને શ્રીમતી સરીતા શાહુ :** ફલેટ નં. બી – ૧૦૩, સૂર્યકિરણ એપાર્ટમેન્ટ, ગામ. ચલા, વાપી, વલસાડ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સૂર્યકિરણ એપાર્ટમેન્ટ ના ૧લા માળનો રહેણાંકનો ફલેટ નં. બી–૧૦૩, જેનું આશરે માપ ૬૨૫.૦૦ ચો.ફુટ યાને ૫૮.૦૮ ચો.મી. સુપર બિલ્ટ અપ એરીયા અને કાર્પેટ એરીયા માપ આશરે ૩૨.૨૬ ચો.મી. જેની જમીનમાં આશરે ૧૦.૦૦ ચો.મી.ના વણવહેંચાયેલ હિસ્સા સહિત, જેનું બાંધકામ પ્લોટ નં.૦૧, આશરે માપ ૬૨૪.૭૫ ચો.મી., કોમ્પ્યુટરાઈઝ સર્વે નં.૪૮૬/પ્લોટ/૧, અને પ્લોટ નં.૨૮, આશરે માપ ૬૨૮.૭૫ ચો.મી. કોમ્પ્યુટરાઈઝ સર્વે નં.૪૮૬/પ્લોટ/૨૮, એન.એ. થયેલ જમીન સર્વે નં.૪૮૬ વાળી ગામ. ચલા, વાપી જી.વલસાડ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. | અ) ૨૫.૧૦.૨૦૧૮<br>બ) રૂા.૧૦,૦૧,૧૭૮.૦૦<br>ક) ૨૨.૧૨.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૧૦.૬૯<br>બ) રૂા.૧.૭૦<br>ક) રૂા.૦.૨૦ | PUNB 599000GADA01 |
| ૫ | **શાખા : વાપી જીઆઈડીસી (૧૮૨૧૨૦)**<br>**મો.જૈનુદીન મોહમ્મદફરીદ ખાન (દેવાદાર), શ્રીમતી સહારૂન નીશા (સહદેવાદાર)** ફલેટ નં.એ–૪૦૨, નાઝ રેસીડન્સી, કરવડ, વાપી, વલસાડ–૩૯૬૧૯૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ રેસીડન્સી સ્થિત રહેણાંકનો ફલેટ નં.એ–૪૦૨, જેનું માપ ૬૯૪.૦૦ ચો.ફુટ યાને ૬૪.૪૭ ચો.મી. રે.સ.નં.૨૯૭/પૈકી, પ્લોટ નં.૫૫, ૫૬, ૬૫ અને ૬૬, મુ. કરવડ, વાપી,– વલસાડ–૩૯૬૧૯૧ ખાતે શ્રી જૈનુદીન મોહમ્મદફરીદ ખાન માલિકીનો આવેલ છે. | અ) ૦૧.૧૧.૨૦૨૧<br>બ) રૂા.૯,૮૯,૦૭૬.૩૭<br>ક) ૧૭.૦૬.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૯૦<br>બ) રૂા.૦.૬૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 182120JAIN01 |
| ૬ | **શાખા : વાપી જીઆઈડીસી (૧૮૨૧૨૦)**<br>**શ્રી જન્નત સોના ખાન (દેવાદાર) શ્રીમતી શમ્મો જન્નત ખાન (સહદેવાદાર) :** ફલેટ નં.એ–૧૦૧, નાઝ રેસીડન્સી, કરવડ, વાપી, વલસાડ–૩૯૬૧૯૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ રેસીડન્સી સ્થિત રહેણાંકનો ફલેટ નં.એ–૧૦૧, જેનું માપ ૪૭૬ ચો.ફુટ યાને ૪૪.૨૨ ચો.મી., રે.સ. નં.૨૯૭ / પૈકી, પ્લોટ નં.૫૫, ૫૬, ૬૫ અને ૬૬, મોજે કરવડ, વાપી, વલસાડ–૩૯૬૧૯૧ ખાતે શ્રી જન્નત સોના ખાન ની માલિકીનો આવેલ છે. | અ) ૦૩.૦૬.૨૦૨૧<br>બ) રૂા.૬,૫૨,૩૯૬.૯૧<br>ક) ૧૭.૦૬.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૪.૦૫<br>બ) રૂા.૦.૪૫<br>ક) રૂા.૦.૧૦ | PUNB 182120JANN01 |
| ૭ | **શાખા : વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રી જ્હોન બાસ્કો (દેવાદાર)**<br>**શ્રી પ્રજ્ઞેશ નરેશભાઈ ભંડારી (જામીનદાર)** ૩૦૨–સી, માધવ કોમ્પલેક્ષ–સી, પારડી ગામ. સાંઢપોર, વલસાડ–૩૯૬૦૦૧ હનુમાન ભાગડા, ગુજરાતી સ્કુલ પાસે, વલસાડ–૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત માધવ કોમ્પલેક્ષ–સી ના ૩જા માળનો રહેણાંકનો ફલેટ નં.૩૦૨–સી, રે.સ.નં.૧૪૬/પી/૬૭, એન.એ. થયેલ પ્લોટ નં.ઓ–૩ અને રે.સ.નં.૧૪૬/પી/૩૯, પ્લોટ નં.ઓ–૪, માપ ૬૪૦ ચો.ફુટ, ૫૯.૪૭ ચો.મી. મોજે પારડી સાંઢપોર, તા. અને જી.વલસાડ–૩૯૬૦૦૧ ખાતે શ્રી જ્હોન બાસ્કો ની માલિકીનો આવેલ છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૧૭.૧૦.૨૦૨૨<br>બ) રૂા.૪,૯૦,૦૭૦.૦૦<br>ક) ૨૨.૧૨.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૯૮<br>બ) રૂા.૦.૬૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 139010JOHN01 |
| ૮ | **શાખા : દમણ (૭૧૭૦૦૦)**<br>**શ્રીમતી મુન્ની કલામ ખાન (દેવાદાર) અને શ્રી કલામ હકદાદ ખાન (સહ દેવાદાર):** ફલેટ નં. ૪૦૬, ૪થા માળ 'સી' બિલ્ડીંગ નાઝ પાર્ક ગામ. કરવડ, તા. વાપી જી. વલસાડ.–૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક બિલ્ડીંગ સી ના ૪થા માળનો રહેણાંકનો ફલેટ નં.૪૦૬, જેનું માપ ૬૫૦.૦૦ ચો.ફુટ યાને ૬૦.૩૮ ચો.મી. મોજે કરવડ, તા.વાપી, જી.વલસાડ ખાતે શ્રી કલામ હકદાદ ખાન અને શ્રીમતી મુન્ની કલામ ખાનની માલિકીનો આવેલ છે. | અ) ૨૩.૦૧.૨૦૨૩<br>બ) રૂા.૭,૮૨,૮૮૪.૬૫<br>ક) ૧૭.૦૬.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૮૫<br>બ) રૂા.૦.૬૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 717000KALA01 |
| ૯ | **શાખા : વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રી મનોજકુમાર રામદયાલ પટેલ (દેવાદાર)** ફલેટ નં.૩૦૨, માધવ કોમ્પલેક્ષ–બી, પારડી ગામ. સાંઢપોર,ખેરગામ રોડ,વલસાડ–૩૯૬૦૦૧<br>**શ્રી ગુલજારીલાલ નીખીલલાલ ગુપ્તા (જામીનદાર)** ૩–૪૨, કૈલાશ રોડ, ભાઠા ફળિયા, મોગરાવાડી, વલસાડ–૩૯૬૦૦૧ | આર એમ થયેલ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત માધવ કોમ્પલેક્ષ–બી માં આવેલ રહેણાંકનો ફલેટ નં.૩૦૨ જેનું માપ ૬૨૦ ચો.ફુટ (૫૭.૬૨ ચો.મી.) જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન નં.એફ–૧, એફ–૨, રે.સ.નં.૧૪૦/૧/૧ વાળી મોજે પારડી સાંઢપોર, તા. અને જી.વલસાડ–૩૯૬૦૦૧ ખાતે આવેલ છે. જે શ્રી મનોજકુમાર રામદયાલ પટેલની માલિકીનો આવેલ છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૧૭.૧૦.૨૦૨૨<br>બ) રૂા.૪,૪૯,૩૫૯.૦૦<br>ક) ૨૨.૧૨.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૫૩<br>બ) રૂા.૦.૬૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 139010MANO01 |
| ૧૦ | **શાખા : વાપી જીઆઈડીસી (૧૮૨૧૨૦)**<br>**શ્રી કલામ હકદાદ ખાન (દેવાદાર), શ્રીમતી મુન્ની કલામ ખાન (સહદેવાદાર) :** ફલેટ નં. એ–૩૦૯, નાઝ રેસીડન્સી, કરવડ, વાપી, વલસાડ–૩૯૬૧૯૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ રેસીડન્સી સ્થિત રહેણાંકનો ફલેટ નં.એ–૩૦૯, જેનું માપ ૫૯૫ ચો.ફુટ યાને ૫૫.૨૭ ચો.મી., રે.નં.૨૯૭ / પૈકી, પ્લોટ નં.૫૫, ૫૬, ૬૫ અને ૬૬, મોજે કરવડ, વાપી, વલસાડ–૩૯૬૧૯૧ ખાતે મુન્ની કલામ ખાનની માલિકીનો આવેલ છે. | અ) ૦૩.૦૬.૨૦૨૧<br>બ) રૂા.૬,૫૨,૩૯૬.૯૧<br>ક) ૧૭.૦૬.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૦૬<br>બ) રૂા.૦.૬૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 182120KALA01 |
| ૧૧ | **શાખા : સુરત ટ્રેડ હાઈસ (૦૫૨૧૨૦)**<br>**સ્વ. શ્રી નરેશ બચુભાઈ પટેલ(દેવાદાર), શ્રીમતી પારૂલબેન એન પટેલ(સહ–દેવાદાર, અને કાયદેસર ના વારસદાર)**<br>**શ્રી સુરેશભાઈ ઓઘડભાઈ મકવાણા (જામીનદાર)** બંગલા નં ૨૪, રૂમ નં ૦૪, હંસ સોસાયટી, નવાગામ સુરત–૩૯૫૦૦૬. પ્લોટ નં ૨૧, પહેલો માળ, રામરાજ નગર ભગીરથ–૨ ની પાછળ, મધુવન સોસાયટી નજીક, એલ.એચ રોડ, સુરત–૩૯૫૦૦૬. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતો અમૃત રેસીડન્સી વિભાગ–૨ નો પ્લોટ નં ૧૨૮ માપ ૯૦.૪૮ ચો.વાર એટલે કે ૭૫.૬૫ ચો.મીટર, ૨૪.૯૬ ચો.મીટર ના વણવહેચાયેલ હિસ્સા સહિત કુલ માપ ૧૦૦.૬૧ ચો.મીટર જમીન રેવન્યુ સર્વે નં ૮૧+૮૬+૮૧/૧+૮૫ પૈકી બ્લોક નં ૯૪ અને એ જમીન માં ૨૧૫૨૪ ચો.મીટર ઉપર મોજે અંત્રોલી, ડીસ્ટ્રીકટ કામરેજ, જીલ્લા સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુ દિશા પૂર્વે–પ્લોટ નં૧૨૭, પશ્ચિમે–પ્લોટ નં ૧૨૯, ઉત્તરે–સોસાયટી નો રોડ, દક્ષિણે–પ્લોટ નં ૧૧૭ આવેલ છે. | અ) ૨૨.૧૨.૨૦૨૩<br>બ) રૂા.૧૧,૭૨,૧૫૭.૦૦<br>ક) ૧૯.૦૩.૨૦૨૪<br>ડ) સાંકેતિક કબજો | અ) રૂા.૧૦.૩૦<br>બ) રૂા.૧.૧૦<br>ક) રૂા.૦.૨૦ | PUNB 052120NARE01 |
| ૧૨ | **શાખા : વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રી રમેશભાઈ ભગુભાઈ પટેલ (દેવાદાર) ધર્મેશભાઈ ભગુભાઈ પટેલ (સહદેવાદાર)** હરિ દર્શન એપાર્ટમેન્ટ, ફલેટ નં.જી/૦૪, ગામ વેજલપોર, વલસાડ | તા. અને જી.વલસાડના મોજે ગામ વેજલપોર ખાતે હરિ દર્શન એપાર્ટમેન્ટ નામની બિલ્ડીંગ સ્થિત એન.એ. થયેલ જમીન બ્લોક / સર્વે નં.૨૦૩ (કોમ્પ.કોપી બી./એસ નં.૨૦૩/પૈકી ૨૨) વાળા પ્લોટ નં.૩૭ ના ગ્રાઉન્ડ ફલોર નો ફલેટ નં.જી/૦૪ જેનું માપ ૪૭૧.૦૦ ચો.ફુટ (૪૩.૭૭ ચો.મી.) સુપર બિલ્ટ અપ છે. (સાંકેતિક કબજો) | અ) ૧૮.૦૭.૨૦૨૩<br>બ) રૂા.૬,૭૦,૬૭૬.૧૫<br>ક) ૦૭.૧૧.૨૦૨૩<br>ડ) સાંકેતિક કબજો | અ) રૂા.૪.૦૦<br>બ) રૂા.૦.૪૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 139010RAME01 |
| ૧૩ | **શાખા : વાપી મેઈન (૩૯૦૩૦૦)**<br>**રવિશંકર જનાર્દન તીવારી :** ફલેટ નં.૨૦૪, ૨જો માળ, મોહન કોમ્પલેક્ષ, ગામ. સાંઢપોર(પારડી) તા. વલસાડ–૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ૨જા માળનો ફલેટ નં.૨૦૪, જેનું માપ ૮૦૦ ચો.ફુટ (૭૪.૩૨ ચો.મી.) જેનું બાંધકામ એન.એ. થયેલ રે.સ.નં.૧૪૬/પી/૨૪ વાળી મોજે ગામ પારડી સાંઢપોર, તા.વલસાડ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે શ્રી રવિશંકર જનાર્દન તિવારી ની માલિકીનો છે | અ) ૦૯.૦૩.૨૦૨૩<br>બ) રૂા.૬,૬૯,૩૫૬.૨૫<br>ક) ૨૭.૦૬.૨૦૨૩<br>ડ) સાંકેતિક કબજો | અ) રૂા.૬.૮૦<br>બ) રૂા.૦.૭૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 139010RAVI01 |
| ૧૪ | **શાખા : વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રીમતી સંગીતા પ્રકાશચંદ્ર મિશ્રા (દેવાદાર) શ્રીમતી બબીતા કપીલદેવ પાંડે (જામીનદાર)** ફલેટ નં.૩૦૧, માધવ કોમ્પલેક્ષ–બી, સેઠીયા નગર, ગામ, સાંઢપોર, (પારડી) વલસાડ–૩૯૬૦૦૧ સહયોગ નગર, મોગરાવાડી, ૩૯૬૦૦૧ મો : ૯૪૨૬૭૪૧૦૪૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત માધવ કોમ્પલેક્ષ–બી માં ૩જા માળે આવેલ રહેણાંકનો ફલેટ નં.૩૦૧ જે એન.એ. પ્લોટ નં.એફ–૧, એફ–૨, અને રે.સ.નં.૧૪૦/૧/૧, સેઠીયા નગર, કૈલાસ રોડ, ક્રોસ લેન, મોજે પારડી સાંઢપોર, તા. અને જી.વલસાડ–૩૯૬૦૦૧ ખાતે શ્રીમતી સંગીતા પ્રકાશચંદ્ર મિશ્રા ની માલિકીનો આવેલ છે. | અ) ૩૧.૦૧.૨૦૨૩<br>બ) રૂા.૮,૩૯,૭૧૭.૦૦<br>ક) ૨૨.૧૨.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૯૮<br>બ) રૂા.૦.૬૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 139010SANG01 |
| ૧૫ | **શાખા : વલસાડ (૧૩૯૦૧૦)**<br>**શ્રી સૈયદભાઈ બશીરભાઈ શેખ (દેવાદાર)** ફલેટ નં.૪૦૩, ૪થો માળ બિલ્ડીંગ નં.બી, બંદર રોડ સામે, વલસાડ, તા અને જી.વલસાડ–૩૯૬૦૦૧<br>**શ્રી અશ્વિન મંગુભાઈ પટેલ (જામીનદાર)** ૨૦, જલારામ નગર, ઝરણા પાર્ક પાછળ, તા. વલસાડ, અને જી. વલસાડ–૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કિશન પાર્ક, બિલ્ડીંગ નં.બી ના ૪થા માળનો ફલેટ નં.૪૦૩, સી.સર્વે નં.૮૫૭, બંદર રોડ, વલસાડ, તાલુકા અને જીલ્લા વલસાડ–૩૯૬૦૦૧ ખાતે શ્રી સૈયદભાઈ બશીરભાઈ શેખની માલિકીનો આવેલ છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૨૩.૧૧.૨૦૨૨<br>બ) રૂા.૮,૨૦,૭૫૯.૦૦<br>ક) ૨૧.૦૨.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૬.૬૩<br>બ) રૂા.૦.૬૭<br>ક) રૂા.૦.૧૦ | PUNB 139010SAYE01 |
| ૧૬ | **શાખા : દમણ (૭૧૭૦૦૦)**<br>**શ્રીમતી સુફીયા સરફરાઝ શેખ (દેવાદાર) શ્રી સરફરાઝ અબ્દુલ રઉફ શેખ (સહ દેવાદાર)** ફલેટ નં. એ ૪૦૮,૪થો માળ, નાઝ પાર્ક, ગામ. કરવડ, વાપી, વલસાડ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની બિલ્ડીંગ એ ના ૪થા માળનો રહેણાંકનો ફલેટ નં.૪૦૮, જેનું આશરે માપ ૬૫૦.૦૦ ચો.ફુટ યાને ૬૦.૩૮ ચો.મી. સુપર બિલ્ટ અપ એરીયા, મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ ખાતે શ્રીમતી સુફીયા સરફરાઝ શેખની માલિકીનો આવેલ છે. (પ્રત્યક્ષ કબજો) | અ) ૨૩.૦૧.૨૦૨૩<br>બ) રૂા.૮,૦૮,૯૩૯.૫૦<br>ક) ૧૭.૦૬.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૬.૪૪<br>બ) રૂા.૦.૭૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB717000 SUFI01 |
| ૧૭ | **શાખા : વાપી જીઆઈડીસી (૧૮૨૧૨૦)**<br>**શ્રીમતી તબસ્સુમ ખાતુન (દેવાદાર), શ્રી શીરાજ ખાન (સહદેવાદાર), શ્રી સાહિદ પરવેઝ ખાન (જામીનદાર) :** ફલેટ નં. એ–૧૦૭, નાઝ રેસીડન્સી, કરવડ, વાપી, વલસાડ– ૩૯૬૧૯૧. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ રેસીડન્સી નો રહેણાંકનો ફલેટ નં.એ–૧૦૭, જેનું માપ ૫૭૪.૦૦ ચો.ફુટ યાને ૫૩.૩૨ ચો.મી., પ્લોટ નં.૫૫, રે.સ.નં.૨૯૭/પૈકી, મોજે કરવડ, વાપી–વલસાડ–૩૯૬૧૯૧ ખાતે આવેલ છે. (મિલકત તબસ્સુમ મોહમ્મદ અશરફ ખાનની માલિકીની છે) | અ) ૧૯.૧૧.૨૦૧૮<br>બ) રૂા.૯,૬૬,૦૭૦.૦૦<br>ક) ૧૩.૦૭.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૪.૮૮<br>બ) રૂા.૦.૫૦<br>ક) રૂા.૦.૧૦ | PUNB 182120TABA01 |
| ૧૮ | **શાખા : નવસારી (૦૫૮૫૧૦)**<br>**શ્રી કાસીમમીયા મહેમુદમીયા શેખ (દેવાદાર),** ફલેટ નં. ૩૦૧, કરિશ્મા ગાર્ડન, સી– વિંગ, રંગુનવાલા નગર નજીક, કમેલા રોડ, નવસારી–૩૬૬૪૪૫. અને ૧૩૨૯, ગરડાચવાલ, રેલ્વે સ્ટેશન સામે નવસારી, ગુજરાત– ૩૬૬૪૪૫.<br>**શ્રી ગણેશ વસંતરાવ દેવકર (જામીનદાર) :** બી– ૨૮, હરિકિષ્ણા બંગ્લોઝ, શિવાજી ચોક, વિજલપોર, ઈરૌ, નવસારી ગુજરાત– ૩૯૬૪૫૦ | કરીશ્મા ગાર્ડન્સ–સી વીંગ નામની બિલ્ડીંગ નો ફલેટ નં.સી–૩૦૧, સુપર બિલ્ટઅપ એરિયા માપ ૬૫૦ ચો.ફુટ કરીશ્મા ગાર્ડન્સ–સી વીંગ, મ્યુનીસીપલ વૉર્ડ નં. ૬૫, રંગુનવાલા નગર નજીક, કમેલા રોડ, નવસારી, તા. અને જી. નવસારી (પ્રત્યક્ષ કબજો) | અ) ૦૧.૦૯.૨૦૨૩<br>બ) રૂા.૭,૯૭,૦૦૮.૧૯<br>ક) ૨૨.૧૨.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૪૫<br>બ) રૂા.૦.૫૫<br>ક) રૂા.૦.૧૦ | PUNB 058510KASI01 |

**ઈ–હરાજી વેચાણના નિયમો અને શરતો :** સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨માં આપેલ શરતો–નિયમો અનુસાર તથા નીચે આપેલ શરતો મુજબ વેચાણ થશે. (૧) મિલકતનું વેચાણ **'જ્યાં છે ત્યાં અને જેમ છે તેમ'ના અને 'જે કાંઈ ત્યાં છે તે'** ના ધોરણે થશે. (૨) સુરક્ષિત મિલકતની અહીં દર્શાવેલ વિગતો અધિકૃત અધિકારીને ઉત્તમ જાણકારી મુજબ છે. પણ અધિકૃત અધિકારી કોઈ ભુલ–મીસસ્ટેટમેન્ટ અથવા રહી જવા અંગેની ઘોષણામાં જવાબદાર રહેશે નહી. (૩) વેચાણ ઈ–હરાજીના પ્લેટફોર્મ દ્વારા http://baanknet.com ઉપર **તારીખ ૨૯.૦૩.૨૦૨૫ સવારે ૧૧ થી સાંજે ૪ કલાકે કરવામાં આવશે.** (૪) વેચાણ અંગેની વધુ વિગતો અને નિયમો માટે મહેરબાની કરી, https://baanknet.com અને www.pnbindia.in ઉપર જૂઓ.

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એકટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**
**( આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)**

તા.૧૪.૦૩.૨૦૨૫ । સ્થળ : સુરત

ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત કેડીટર